1

કમાંક/CHE/KCG/યોગ/૨૦૧૬/૫૮૨
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા:૧૩/૦૬/૨૦૧૬

પ્રતિ,

(1) રજીસ્ટ્રારશ્રી,
તમામ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય.

(2) આચાર્યશ્રી, રાજ્યની તમામ કોલેજો (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર),
ગુજરાત રાજ્ય.

વિષય: તા:૨૧/૦૬/૨૦૧૬ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી બાબત

સંદર્ભ: ગુજરાત સરકારના રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃતિઓ વિભાગના પરિપત્ર ક્રમાંક: એસએજી/૧૦૨૦૧૬/૭૨૫/બ તા:૨૪/૦૫/૨૦૧૬

શ્રીમાન,

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ વિદ્યા યોગને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરવામાં આવેલ છે, તેમજ પ્રતિ વર્ષ ૨૧ જૂનને "વિશ્વ યોગ દિવસ" તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા યોગ વિદ્યાની મૂળ ભૂમિ ભારત દેશમાં આ દિવસે દરેક ગામમાં અને શહેરોમાં વિવિધ સ્થળોએ વિરાટ અને વિસ્તૃત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

ગુજરાત સરકાર દ્વારા પણ રાજ્યની તમામ યુનિવર્સિટીઓ અને યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર)માં ૨૧મી જુન,૨૦૧૬ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ભવ્ય રીતે થાય તે માટે રાજ્ય સ્તરે ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ-ઇન્ફોર્મેટીક(બાયસેગ) દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૬ના રોજ સવારે ૭:૦૦ કલાકે યોગ નિદર્શન પ્રોગ્રામ ૪૫ મિનિટ માટે રીલે કરવામાં આવનાર છે. બાયસેગ દ્વારા આ કાર્યક્રમ પ્રસારણ થનાર છે. આ પ્રસારણને કોલેજ અને યુનિવર્સિટી કક્ષાએ ઉપલબ્ધ કરાવવાનું રહેશે. તા.૨૧/૦૬/૨૦૧૬ના રોજ આંતર રાષ્ટ્રીય યોગ દિવસે "યોગ અંગે" સ્વામી નિખિલેશ્વરાનંદજીનું વિશેષ વ્યાખ્યાન બાયસેગ ખાતેથી સવારે ૮:૦૦ કલાકે પ્રસારિત થનાર છે. જેનો લાભ રાજ્યની યુનિવેર્સિટી અને કોલેજોના તમામ વિધ્યાર્થીઓ, અધ્યાપકશ્રીઓ, આચાર્યશ્રીઓ, વહીવટી સ્ટાફ મેળવે તે અંગેનું આયોજન કરવું.

આ ઉપરાંત તા.૧૪/૦૬/૨૦૧૬ થી ૨૦/૦૬/૨૦૧૬ દરમ્યાન કોલેજ અને યુનિવર્સિટી કક્ષાએ વિદ્યાર્થીઓ માટે યોગાભ્યાસનું આયોજન કરવાનું રહેશે આ માટે તા. ૭મી જૂનથી ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટયુટ ફોર સિસ્મોલોજી એન્ડ જીઓ-ઇન્ફોર્મેટીકસ બાયસેગ દ્વારા પ્રતિદિન સવારે ૭:૦૦ કલાકે અને અન્ય તબક્કે આયુષ આધારિત યોગ નિદર્શન કોમન યોગા પ્રોટોકોલનું પ્રસારણ કરાશે. આમ, તા.૨૧ જૂન "વિશ્વ યોગ દિવસ"ના તમામ કોલેજો અને યુનિવર્સિટીઓમાં યોગ નિદર્શન કાર્યક્રમ આયોજિત કરવાના રહેશે. આ ઉજવણી માટે "AYUSH" દ્વારા પ્રસારિત કરવામાં આવેલ Common Yoga Protocol નું પુસ્તક અને વિડીયો સી.ડી. માર્ગદર્શિકા પ્રમાણે જ તમામ સ્તરે યોગ તાલીમ અને નિદર્શન કરવાનું રહેશે. જેની માહિતી આયુષની વેબસાઈટ www.indianmedicine.nic.in અને www.sgsu.edu.in પરથી મેળવી શકાશે. યોગ નિદર્શનમાં ભાગ લેતા નાગરિકો માટે ડ્રેસકોડ તરીકે સફેદ હળવા વસ્ત્રો રહે તેવું ઇચ્છનીય છે તેમ છતા યોગાસનો કરવા માટે અનુકૂળ વસ્ત્રો હોય તે સૂચિત કરવાનું રહેશે. કોલેજો માટે પ્રિન્સિપાલ, નોડલ અધિકારી તેમજ એક અધ્યાપકને સહ નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવાના રહેશે. જ્યારે યુનિવેર્સિટી કક્ષાએ પણ નોડલ અધિકારી તેમજ સહ નોડલ અધિકારી નિયુક્ત કરવાના રહેશે.

રાજ્યની તમામ કોલેજોએ તથા યુનિવર્સિટીઓએ પોતાની સંસ્થામાં ૨૧મી જુને યોગ દિવસની ઉજવણી માટે આયોજીત કરેલ કાર્યક્રમનો અને તાલીમનો રંગીન ફોટોગ્રાફ્સ સહીતનો અહેવાલ આ સાથે સામેલ નમૂના મુજબ તૈયાર કરી તા:૨૩/૦૬/૨૦૧૬ ના સાંજના ૬:૦૦ કલાક સુધીમાં ડો.યોગેશ યાદવ, અસોસિયેટ ડાયરેક્ટર, કેસીજી, અમદાવાદને હાર્ડ કોપીમાં પહોચતો કરવાનો રહેશે. તથા તા:૨૦/૦૬/૨૦૧૬ ના દિવસે સાંજે ૫:૦૦ કલાક સુધીમાં યોગ દિવસ ની ઉજવણી માટે આયોજિત તાલીમ ની વિગત અને તા.૨૧/૦૬/૨૦૧૬ના દિવસે યોજાયેલ યોગ દિનની ઉજવણી ની વિગતો દર્શાવતી જરૂરી માહિતી સવાર ૧૦:૦૦ કલાક સુધીમાં www.egyan.org પર માહિતી ભરવાની રહેશે.

ઉચ્ચ શિક્ષણ કમિશ્નર
ગુ.રા, ગાંધીનગર

બિડાણ:

૧) અહેવાલ રજૂ કરવા માટેનો નમૂનો.

નકલ રવાના જાણ સારૂ,

- અગ્ર સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કલેક્ટરશ્રી, તમામ જિલ્લા, ગુજરાત રાજ્ય

અહેવાલ રજૂ કરવાનો નમૂનો

કોલેજનું નામ	
કોલેજનું સરનામું	
જિલ્લો	
આચાર્યશ્રીનું નામ અને ફોન નંબર	
સંલગ્ન યુનિવર્સિટીનું નામ	
કોલેજનો દરજ્જો	સરકારી/બિન સરકારી અનુદાનિત/સ્વ-નિર્ભર
વિદ્યા શાખા	વિનયન/વાણિજ્ય/વિજ્ઞાન/કાયદા/શિક્ષણ

તા.૧૪/૦૬/૨૦૧૬ થી તા.૨૦/૦૬/૨૦૧૬ના રોજ આયોજીત તાલીમની વિગતો:

ભાગ લેનારની સંખ્યા દર્શાવતુ પત્રક

તારીખ	વિદ્યાર્થીઓ			આચાર્યશ્રી અને અધ્યાપકશ્રીઓ			વહીવટી સ્ટાફ			કુલ		
	ભાઈઓ	બહેનો	કુલ	ભાઈઓ	બહેનો	કુલ	ભાઈઓ	બહેનો	કુલ	ભાઈઓ	બહેનો	કુલ
૧૪/૦૬/૨૦૧૬												
૧૫/૦૬/૨૦૧૬												
૧૬/૦૬/૨૦૧૬												
૧૭/૦૬/૨૦૧૬												
૧૮/૦૬/૨૦૧૬												
૨૦/૦૬/૨૦૧૬												

તા.૨૧/૦૬/૨૦૧૬ના રોજ આયોજીત આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની વિગતો:

ભાગ લેનારની સંખ્યા દર્શાવતુ પત્રક

તારીખ	વિદ્યાર્થીઓ			આચાર્યશ્રી અને અધ્યાપકશ્રીઓ			વહીવટી સ્ટાફ			કુલ		
	ભાઈઓ	બહેનો	કુલ	ભાઈઓ	બહેનો	કુલ	ભાઈઓ	બહેનો	કુલ	ભાઈઓ	બહેનો	કુલ
૨૧/૦૬/૨૦૧૬												

આચાર્યશ્રી સહી-સિક્કા

કોલેજનો સિક્કો

કોલેજનું નામ અને સરનામું

તા.૧૪/૦૬/૨૦૧૬ થી તા.૨૦/૦૬/૨૦૧૬ દરમ્યાન આયોજીત તાલીમના ફોટોગ્રાફ્સ










કોલેજનું નામ અને સરનામું

તા.21/06/2016ના રોજ આયોજીત યોગ દિવસના ફોટોગ્રાફ્સ